# Rajasthan Patrika – 26-02-2016

## कॉस्ट एकाउंट में चमके सूरत के विद्यार्थी

### सीएस का परिणाम भी जारी



मनीषा चौहाण

सूरत. इंस्टीट्यूट ऑफ कॉस्ट एकाउंट ऑफ इंडिया की ओर से दिसम्बर 2015 में ली गई इन्टरमीडिएट और फाइनल पाठ्यक्रम की परीक्षा का परिणाम गुरुवार को जारी किया गया। इन्टर में शहर के अरविंद पुगलिया देशभर में 17वें और मनीषा चौहाण 42वें स्थान पर रहीं। इन्टर में सूरत के 219 विद्यार्थियों में से सिंगल ग्रुप में 26 और कैपिटल में 23 विद्यार्थी पास हुए। फाइनल में सूरत के 123 विद्यार्थियों में से ग्रुप एक में 15 और सीएमए में 19 विद्यार्थी पास हुए। इंस्टीट्यूट ऑफ कंपनी सेक्रेटरी ऑफ इंडिया की ओर से दिसम्बर 2015 में ली गई एक्जिक्यूटिव और प्रोफेशनल पाठ्यक्रम की परीक्षा का परिणाम भी गुरुवार को जारी किया गया। एक्जिक्यूटिव में सूरत के 323 विद्यार्थियों में से 10 और फाइनल में 127 विद्यार्थियों में से 6 सफल हुए हैं।

# Gujarat Guardian

કોસ્ટ એકાઉન્ટ-સીએસનું પરિણામ જાહેર

## કોસ્ટિંગમાં સમગ્ર દેશના ટોપ-૫૦માં સુરતના બે વિદ્યાર્થીઓને પણ સ્થાન

સુરત, તા. ૨૫

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા લેવામાં આવતી કોસ્ટિંગની ઈન્ટરમીડિયેટ અને ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું હતું. જેમાં ઈન્ટરમીડિયેટમાં સુરતના બે વિદ્યાર્થીઓ ઓલ ઈન્ડિયા ટોપ-૫૦ રેન્કમાં ઝળક્યા હતા. ફાઈનલું ૨૮ ટકા અને ઈન્ટરમીડિયેટનું ૨૨ ટકા પરિણામ સાથે સુરત સાઉથ ગુજરાત ચેપ્ટર દેશભરમાં અવ્વલ સ્થાને રહ્યું હતું. કોસ્ટિંગ ઈન્ડિયા સિવાય સીએસનું એક્ઝિક્યુટિવ, પ્રોફેશનલ કોર્સનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા ડિસેમ્બર-૨૦૧૫માં લેવાયેલી ઈન્ટરમીડિયેટમાં સુરત સાઉથ ગુજરાત ચેપ્ટરમાંથી ૨૧૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકી ૨૬ સિંગલ અને ૨૩ બન્ને ગ્રૂપમાં પાસ થવાની સાથે ૨૨ ટકા પરિણામ આવ્યું હતું. ફાઈનલમાં

### કોસ્ટ એકાઉન્ટ ફાઇનલનું ૨૮ અને ઇન્ટરમીડિયેટનું ૨૨ ટકા પરિણામ

૧૨૩ વિદ્યાર્થીઓમાંથી ૧૫ એક અને ૧૯ સીએમએ ફાઈનલમાં પાસ થવા સાથે ૨૮ ટકા પરિણામ આવ્યું હતું. સાઉથ ગુજરાત ચેપ્ટર સીએમએ ભવનના ચેરમેન મનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ઈન્ટરમીડિયેટમાં સુરતનો અરવિંદ પુગલિયા ૪૯૭ માર્ક્સ સાથે ઓલ ઈન્ડિયામાં ૧૭માં અને મનીષા ચૌહાણ ૪૫૯ માર્ક્સ સાથે ૪૨માં ક્રમે રહી હતી. ફાઈનલમાં ૪૧૪ માર્ક્સ સાથે તુષાર રામાણી સુરત ટોપર બન્યો હતો.

જ્યારે ૪૦૮ માર્ક્સ સાથે રવી વાડેરા બીજા અને ૪૦૩ માર્ક્સ સાથે પ્રતીક લાખાણી ત્રીજા ક્રમે રહ્યો હતો. ઉપરાંત, ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાયેલી પરીક્ષામાં એક્ઝિક્યુટિવ પ્રોગ્રામમાં બન્ને મોડ્યુલમાં પરીક્ષા આપનારા સુરતના ૩૨૩માંથી માત્ર ૧૦ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જ્યારે પ્રોફેશનલ પ્રોગ્રામમાં ૧૨૭માંથી માત્ર ૬ વિદ્યાર્થીઓ પાસ થવા સાથે જ સુરત ચેપ્ટરનું કંગાળ પરિણામ આવ્યું હતું.

Gujarat Mitra

સ્થાને આવ્યા પછી પણ ઊભા થઇ રહ્યા છે.

# સહિત ત્રણમાં ધુની ડિમાન્ડ !

## ૧૩૦૦ પૈકી ૨૫૦થી વધુ કરદાતાઓ દ્વારા ટીડીએસની નોટીસનો જવાબ આપી દેવાયો

**ગત વર્ષની** સરખામણીમાં ચાલુ વર્ષે ૧૩૦૦ કરદાતાએ ઓછો ટીડીએસ ભરપાઇ કર્યો છે. આ તમામ કરદાતાને ટીડીએસ વિભાગે નોટીસો ફટકારી હતી. જે પૈકીના ૨૫૦ થી વધુ કરદાતાએ નોટીસનો સંતોષકારક જવાબ આપ્યો છે. પરંતુ કેટલાક કરદાતા એવા છે જેમણે હજી સુધી નોટીસનો જવાબ આપવાનું ટાળ્યું છે અને હિસાબી ડોકયુમેન્ટસ પણ



(તસવીર : સતીષ જાદવ)

## કોસ્ટ અકાઉન્ટન્સીમાં પણ સુરતના બે વિદ્યાર્થીઓ દેશના ટોપ ફીફટીમાં!

**આઇ. સી. ડબલ્યુ. એ. આઇ.** ઇન્ટર મિડીયેટમાં દ.ગુજ. ચેપ્ટરનું પરીણામ ૨૨ ટકા અને ફાઇનલ્સનું પરીણામ ૨૮ ટકા રહ્યું

સુરત, ગુરુવારઃ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ અકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા (આઈ.સી.એ.આઈ.) દ્વારા આજરોજ ઈન્ટરમિડીયેટ અને ફાઈનલ્સના જાહેર થયેલા પરીણામ દરમિયાન ચાર્ટર્ડ અકાઉન્ટન્સીની જેમ કોસ્ટ અકાઉન્ટન્સીમાં પણ સુરતના બે

(અનુસંધાન પાના ૧૨ પર)

Gujarat Samachar

## કોસ્ટ એકાઉન્ટ્સ ફાઈનલમાં સુરતનું ૨૮ ટકા જ્યારે ઈન્ટરમીડીએટનું ૨૨ ટકા પરિણામ

સુરત, તા. ૨૫

ધી ઈન્સ્ટીટયુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્સ ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામમાં સુરતનું ફાયનલનું ૨૮ ટકા જ્યારે ઈન્ટરમીડીએટનું ૨૨ ટકા પરિણામ નોંધવામાં આવ્યુ છે. જેમાં ઈન્ટરમેડીએટના પરિણામમાં સુરતના વિદ્યાર્થી અરવિંદ પુગલીયાએ દેશમાં ૧૭મો ક્રમ જ્યારે મનિષા ચૌહાણે દેશમાં ૪૨મો ક્રમ મેળવ્યો હતો.

કોસ્ટ મેન્જમેન્ટ એકાઉન્સન્સ 'સી.એમ.એ'ના ગત ડિસેમ્બર ૨૦૧૫ દરમિયાન લેવામાં આવેલી પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યુ હતુ. ફાયનલનું વેસ્ટર્ન રીજયનનું પરિણામ ૨૦ ટકા જ્યારે ઈન્ટરમીડીએટનું ૧૮ ટકા પરિણામ નોંધવામાં આવ્યુ છે. જેની સામે સુરત કેન્દ્રનું પરિણામ ફાયનલનું ૨૮ ટકા જ્યારે ઈન્ટરમીડીએટનું ૨૨ ટકા રહેતા સુરતનો દેખાવ અન્ય કેન્દ્રની સરખામણીમાં નોંધપાત્ર દેખાવ રહયો છે. સુરતમાં ઈન્ટરમીડીએટની પરીક્ષા આપનાર ૨૧૯



### અરવિંદ પુગલીયાએ દેશમાં ૧૭ જ્યારે મનિષા ચૌહાણે ૪૨મો ક્રમ હાંસલ કર્યોઃ સુરતનો દેખાવ એકંદરે નોંધપાત્ર રહ્યો

૨૩ બંને ગૃપોમાં પાસ થયા છે. જ્યારે ફાયનલના ૧૨૩ વિદ્યાર્થીઓ પૈકી ૧૫ એક ગૃપમાં જ્યારે ૧૯ સી.એમ.એ ફાયનલમાં પાસ થયા હતા. પરિણામ અંગે બ્રાંચના ચેરમેન અને અન્ય સભ્યોએ જણાવ્યુ હતુ કે ઈન્ટરમીડીએટનાં પરિણામમાં અરવિંદ પુગલીયાએ દેશમાં ૧૭મો ક્રમ જ્યારે મનિષા ચૌહાણે દેશમાં ૪૨મો ક્રમ છે. ... દેખાવ અંગે મનિષાએ જણાવ્યુ હતુ કે તેના પિતા દેવપ્રકાશભાઇ અર્ધલશ્કરી દળ સી.આર.પી.એફ, મુંબઇ ખાતે ફરજ બજાવે છે. જ્યારે તેનો ભાઇ રવિન્દ્ર સી.એ છે. તેણી સી.એના અભ્યાસક્રમ આઇ.પી.સી.સીમાં સફળતા મેળવી તેણે સીધી ઈન્ટરમીડીએટની પરીક્ષા આપી હતી જેમાં તે દેશમાં ૪૨માં ક્રમે આવી છે. હાલ તેણી સી.એ અને કોમર્સ ગ્રેજયુએશનનો અભ્યાસક્રમ પણ કરી રહી છે.

Sandesh



કોસ્ટ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા લેવાયેલી ઈન્ટરમીડીયેટ પરીક્ષામાં સુરતના બે વિદ્યાર્થીઓએ દેશના ટોપ-૫૦માં સ્થાન મળ્યું છે. (તસ્વીરઃ દિલીપ રાણા)

# કોસ્ટ મેનેજમેન્ટની ફાઈનલ પરીક્ષાનું દ.ગુજ ચેપ્ટરનું ૨૮ ટકા પરિણામ

(પ્રતિનિધિદ્વારા) સુરત, ગુરૂવાર

કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટસીની દેશભરમાં લેવાયેલી પરીક્ષાનું આજે પરિણામ જાહેર થતાં દક્ષિણ ગુજરાત ચેપ્ટરનું ઈન્ટરમીડીયેટ પરીક્ષાનું ૨૨ ટકા અને ફાઈનલ પરીક્ષાનું ૨૮ ટકા પરિણામ આવ્યું હતું. સુરતના બે વિદ્યાર્થી ફાઈનલમાં ટોપ-૫૦ રેન્કમાં ઉત્તીર્ણ થયા હતા.

## ઈન્ટરમીડીયેટની પરીક્ષાનું પરિણામ ૨૨ ટકા, બે વિદ્યાર્થીઓને દેશના ટોપ-૫૦માં સ્થાન મળ્યું

ધી ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા ડિસેમ્બર-૨૦૧૫માં ઈન્ટરમીડીયેટ અને ફાઈનલ એમ બે અલગ-અલગ લેવાયેલી પરીક્ષાનું આજે પરિણામ જાહેર કર્યું હતું. ઈન્ટરમીડીયેટ પરીક્ષામાં દ. ગુજરાત ચેપ્ટરમાંથી ૨૧૬ વિદ્યાર્થીઓ બેઠા હતા. જેમાંથી સિંગલ ગ્રુપમાં ૨૬ અને બન્ને ગ્રુપમાં ૨૩ વિદ્યાર્થીઓ પાસ થતાં પરિણામ ૨૨ ટકા આવ્યું હતું. આ પરિણામમાં સુરતનો વિદ્યાર્થી અરવિંદ પુરોહિતએ ૮૦૦માંથી ૪૯૩ માર્ક્સ મેળવી દેશભરમાં ૧૭મો રેન્ક મેળવ્યો હતો. જ્યારે વિદ્યાર્થીની મનિષા ચોહાણે ૮૦૦માંથી ૪૫૯ માર્ક્સ મેળવી ૪૩મા રેન્કે ઉત્તીર્ણ થતાં સુરતનું ગૌરવ વધાર્યું હતું.

જ્યારે ફાઈનલ પરીક્ષામાં દક્ષિણ ગુજરાતમાંથી ૧૨૩ વિદ્યાર્થીઓમાંથી ફર્સ્ટ ગ્રુપમાં ૧૫ પાસ થયા હતા. જ્યારે ૧૯ વિદ્યાર્થીઓ બન્ને ગ્રુપમાં ઉત્તીર્ણ થતાં કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ (સીએમએ) બની ગયા હતાં.

સુરત ઈન્સ્ટીટ્યુટના મનુ કે. દેસાઈના જણાવ્યા મુજબ ધો. ૧૨ પછી ફાઉન્ડેશન કોર્સમાં અને સ્નાતક પછી ઈન્ટરમાં એડમીશન લઈ શકાય છે. સાથે જ કોલેજ કે સી.એ.નો અભ્યાસ કરતા કરતા પણ આ સીએમએનો કોર્સ થઈ શકે છે.

## રૂ.૯.૯૭ લાખનો દુપટ્ટાનો માલ